# ભાજપ શાસિત ભાવનગર નાગરિક બેંકે બાકીદારોની મિલ્કતો જપ્ત કરવાનું શરૂ કર્યુ



## આસિસ્ટન્ટ જનરલ મેનેજર ભાવેશ ગાંધી પોતે મેદાનમાં ઉતર્યા ટોપ-થ્રી પાસે ગોકુલધામ સોસાયટીમાં એક ફલેટને સીલ માર્યા કુલ બાવન મિલ્કતો ટાર્ગેટમાં, આજે શનિવારે પાંચનો વારો

ગુજરાત છાયા, તા.૨૭

ભાવનગર નાગરિક સહકારી બેંકમાં અગાઉ કોંગ્રેસની વિચારધારા ધરાવતા લોકોનું સામ્રાજય હતુ અને જીતુ ઉપાધ્યાય કે જે કોંગ્રેસના કોર્પોરેટર પણ રહી ચુકયા હતા અને વિધાનસભા લડવાની તૈયારી પણ કરતા હતા પણ મેળ ન પડયો અને અહી નાગરિક બેંકમાં પણ તેમની પેનલ હારી. જે તે વખતે જીતુભાઈના શાસનમાં પણ નાગરિક બેંકના ભાવેશ ગાંધી જે તે આસામીઓ રૂપિયા ભરવામાં નાકામયાબ થયા હોય તેમની પ્રોપટીઓ અને મિલ્કતો જપ્ત કરી સીલ મારવાની કામગીરી કરતા હતા. ફરી પાછા ભાવેશ ગાંધીને એજ કામગીરી કરવાની આવી છે. ફરક માત્ર એટલો છે કે, તે વખતે શાસન કોંગ્રેસનુ હતુ અને અત્યારે ભાજપનુ છે. ભાવેશ ગાંધી એના એજ છે.

ભાવેશ ગાંધી અને તેમની ટીમ આજે રીકવરી માટે વિવિધ વિસ્તારોમાં ફરી હતી અને શહેરના ટોપ-થ્રી પાસે આવેલ ગોકુલધામ સોસાયટીમાં રહેતા મનોજભાઈ મગનભાઈ નામના આસામીની મિલ્કતને સીલ માર્યા હતા. હજુ આવતીકાલથી આ ઝુબેશ વધુ કડક બનશે અને કાલે પાંચ મિલ્કતોને સીલ મારવામાં આવશે તેમ ભાવેશ ગાંધીએ ગુજરાત છાયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ. તેમણે ઉમેર્યુ હતુ કે, કુલ પર મિલ્કતોની રીકવરી બાકી છે. ખાસ સ્કીમ ચાલે છે બાકીદારો વહેલા પૈસા ભરી દે તો જરૂરી છે.